# સરકારી ઇજનેરી કોલેજ,કતપુર , પાટણ

## સ્ટુડંટ સ્ટોર (સ્ટેશનરી) કોન્ટ્રાકટ (૨૦૨૩-૨૪) માટે નું ટેન્ડર ફોર્મ

### એજન્સીએ ધ્યાનમા રાખવાની અગત્યની માહિતી

| | |
|---|---|
| ટેન્ડર આમંત્રિત કરનાર : | આચાર્યશ્રીની કચેરી<br>સરકારી ઈજ્નેરીએ કોલેજ, કતપુર, પાટણ-૩૮૪૨૬૫<br>ફોન:- ૦૨૭૬૬-૨૯૭૭૩૫<br>Email: principalgecpatan@gmail.com<br>Website: www.gecpt.cteguj.in |
| વેબ સાઈટ પર બ્લેંક ટેન્ડર ફોર્મ ઉપ્લબ્ધ રહેશે | સરકારી ઈજ્નેરીએ કોલેજ, કતપુર, પાટણ ની વેબ સાઈટ www.gecpt.cteguj.in માં ડાઉનલોડ ઓપ્શન્માં બ્લેંક ટેન્ડર ફોર્મ તા. ૨૭/૦૪/૨૦૨૩ થી તા. ૦૮/૦૫/૨૦૨૩ સુધી ઉપ્લબ્ધ રહેશે . |
| ભાવપત્રક ભરી સીલબંધ કવરમાં રજી. એ. ડી. ટપાલ/ કુરિયર થી /રૂબરૂ માં પરત કરવાનુ સ્થળ અને સમય | સરકારી ઈજનેરી કોલેજ, વહીવટી કાર્યાલય, કતપુર, પાટણ ખાતે<br>તા. ૧૧/૦૫/૨૦૨૩ સાંજે પાંચ વાગ્યા સુધી |
| ટેન્ડર ફોર્મ ફી ની રકમ | કોઇ ટેંડર ફી નથી. |
| અર્નેસ્ટ મની ડીપોઝીટ ની રકમ | આચાર્યશ્રી, સરકારી ઇજનેરી કોલેજ, પાટણ ના નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો રુપીયા ૧,૦૦૦/- નો ડી.ડી. (શરતી પરત મળવા પાત્ર) ડી.ડી. ટેંડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. ડી.ડી. વગરનો ટેંન્ડર ફોર્મ માન્ય ગણવામાંઆવશે નહી. |
| ભાવપત્રક ખોલવાની તારીખ તથા સ્થળ | આચાર્ય શ્રીની કચેરી,<br>સરકારી ઈજ્નેરીએ કોલેજ, કતપુર, પાટણ<br>૧૨/૦૫/૨૦૨૩, બપોરે ૧૨:૦૦ કલાકે |
| ટેન્ડર ફોર્મ સાથે સીલબંધ કવર આચાર્યશ્રીની કચેરી , લેસરકારી ઇજનેરી કોજ, પાટણ ને મળી જાય તે રીતે સીલબંધ કવરમાં રજી. એ. ડી. ટપાલ/ કુરિયર થી /રૂબરૂ માં મોકલી આપવાના રહેશે. | કવર ૧ મા ભાગ-૧ પ્રમાણે શરતો માન્ય હોવાનુ પત્રક, ભાગ-૨ પ્રમાણે લાયકાત ફોર્મ, રુપિયા ૧,૦૦૦/- નો અર્નેસ્ટ મની ડીપોઝીટનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી. (શરતી રિફંડેબલ), બાંહેધરીપત્રક, જરુરી લાયસન્સ તથા જરુરી પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ સામેલ કરવી.<br>કવર ૨ માં ફક્ત ભાગ-૩ પ્રમાણે ભાવપત્રક સામેલ કરવુ.<br>કવર-૩ માં કવર-૧ અને કવર-૨, બંને ને મુકવા (કવર-૩ પર "સ્ટુડંટ સ્ટોર (સ્ટેશનરી) કોન્ટ્રાકટ અંગેનું ટેન્ડર (૨૦૨૩-૨૪)" તથા "પાર્ટીનું નામ" કવર પર દર્શાવવું.). |

## ભાગ-૧

# સરકારી ઇજનેરી કોલેજ, પાટણ માટે સ્ટુડંટ સ્ટોર (સ્ટેશનરી) ચલાવવા માટે શરતો

## (૨૦૨૩-૨૪)

## ( આ શરતો માન્ય હોવાનુ દરેક પાના પર સહી કરી કવર ૧ મા સામેલ કરવાનુ રહેશે)

ભાવ ભરેલ ભાવ પત્રકના ટેન્ડર ફોર્મ સંપૂર્ણ વિગતો સાથે આચાર્યશ્રીની કચેરી, સરકારી ઇજનેરી કોલેજ, પાટણના ને મળી જાય તે રીતે સીલબંધ કવરમાં રજી. એ. ડી. ટપાલ/ કુરિયર થી /રૂબરૂ માં મોકલી આપવાના રહેશે. નિયત તારીખ અને સમય બાદ મળેલ ટેન્ડર રદબાતલ ગણાશે.

- કવર ૧ મા ભાગ-૧ પ્રમાણે શરતો માન્ય હોવાનુ દરેક પાના પર સહી કરેલ પત્રક, ભાગ-૨ પ્રમાણે લાયકાત ફોર્મ, રુપિયા ૧,૦૦૦/- નો અર્નેસ્ટ મની ડીપોઝીટનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી. (શરતી રિફંડેબલ), બાંહેધરીપત્રક, જરુરી લાયસન્સ તથા જરુરી પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ સામેલ કરવુ ફરજિયાત છે. (કવર-1 ને "લાયકાત ફોર્મ" નામ આપવું.).
- કવર-૨ મા ફક્ત ભાગ-3 પ્રમાણે ભાવપત્રક સામેલ કરવુ અને તેને સીલબંધ કરવુ ફરજિયાત છે. (કવર-૨ ને "ભાવપત્રક" નામ આપવું)
- કવર-3 મા કવર-૧ અને કવર-૨, બંને ને મુકવા (કવર-3 પર "સ્ટુડંટ સ્ટોર (સ્ટેશનરી) કોન્ટ્રાકટ અંગેનું ટેન્ડર (૨૦૨૩-૨૪)" તથા "પાર્ટીનું નામ" કવર પર દર્શાવવું.)

## સ્ટુડંટ સ્ટોર (સ્ટેશનરી) ચલાવવા માટેના વાર્ષિક કોંન્ટ્રાક્ટ ની સામાન્ય શરતો

1. કોંન્ટ્રાક્ટરે નિયત નમૂનામાં ટેંન્ડર ફોર્મ સાથે અર્નેસ્ટમની ડિપોઝીટ પેટે રૂપિયા ૧,૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ આચાર્યશ્રી, સરકારી ઇજનેરી કોલેજ, પાટણ ના નામનો જોડવાનો રહેશે. અર્નેસ્ટમની ડિપોઝીટ પેટે આપેલ ડીમાન્ડ ડ્રાફ્ટ ટેંન્ડર ન મળેલ કોંન્ટ્રાક્ટર ને પરત કરવામા આવશે. જો કોંન્ટ્રાક્ટરનુ ટેંન્ડર મંજૂર થાય અને તે સ્વીકારવાની ના પાડે તો અર્નેસ્ટમની ડિપોઝીટ પેટે આપેલ ડીમાન્ડ ડ્રાફ્ટ પરત મળશે નહી અને સરકારશ્રી ખાતે જમા કરવામા આવશે.
2. ટેંન્ડર ફોર્મ સુવાચ્ય અક્ષરોએ માંગેલી સંપૂર્ણ વિગતો સાથે આપવાનુ રહેશે. અધુરા ટેંન્ડર ફોર્મ રદ થવાને પાત્ર રહેશે. નિયત સમય મર્યાદા કરતાં મોડા આવેલ ટેંન્ડર ફોર્મ આપોઆપ રદ ગણશે.
3. કોંન્ટ્રાક્ટરે ટેંન્ડર ફોર્મ સાથે તેઓના ફર્મની જરૂરી માહિતી જેવી કે ફર્મ, રજીસ્ટ્રેશન, સેલ્સ ટેક્ષ, સર્વિસ ટેક્ષ, રજીસ્ટ્રેશન, વગેરે જેવા સટીફિકેટ્ની ખરી નક્લ બીડવાની રહેશે.
4. જે કોન્ટ્રાકટર ને કોન્ટ્રાકટ એવોર્ડ થશે તેણે કોન્ટ્રાકટ મળ્યાના જાણ કરતા પત્રની તારીખથી સાત દિવસમા સીકયુરીટી ડીપોઝીટ પેટે આચાર્યશ્રી, સરકારી ઇજનેરી કોલેજ, પાટણના નામની રુપીયા ૧૦૦૦૦/- (રુપીયા દસ હજાર પુરા) ની રકમની પાટણ /અમદાવાદ, ગુજરાત ખાતેની રાષ્ટ્રીયકૃત બેન્કની ૧૪ માસ ની મુદત માટેની એફ.ડી.આર. કઢાવી જમા કરાવવાની રહેશે. જો નિયત સમય મર્યાદામા સીકયુરીટી ડીપોઝીટ ની રકમ જમા કરવામા ન આવે તે સંજોગોમા બાનાની રકમ જપ્ત કરી, ઓર્ડર રદ કરી પછીના લાયક કોન્ટ્રાકટર ને ઓર્ડર આપવામા આવશે. સીકયુરીટી ડીપોઝીટની રકમ કરારની મુદત પુર્ણ થયાના બે માસ બાદ કામગીરી સંતોષ કારક જણાશે અને બિલ સરભર થયે કોન્ટ્રાકટરને પરત ચુકવવામા આવશે. સીકયુરીટી ડીપોઝીટની રકમ પર કોઇ પણ પ્રકારનુ વ્યાજ મળવા પાત્ર થશે નહી.
5. નિયત સમય મર્યાદામાં રજી. એ. ડી.ટપાલ /કુરિયર /રૂબરૂ થી મળેલ ટેન્ડરો તા. ૧૨/૦૫/૨૦૨૩, નાં રોજ બપોરે ૧૨:૦૦ કલાકે, સંસ્થાના સેમીનાર હોલ, વહીવટી કર્યાલય ખાતે ખોલવામાં આવશે જેમાં ટેન્ડર ભરનાર હાજર રહી શકશે.

6. જેઓનું ટેન્ડર મંજૂર થશે નહીં તેઓની અનેસ્ટ મની ડિપોઝીટ પરત કરવામાં આવશે.
7. મંજૂર થયેલ ટેન્ડરમાં ભરેલા ભાવોએ કોંન્ટ્રાક્ટર એક વર્ષ માટે ભોજનાલય ચલાવવા બંધાયેલ રહેશે અને ત્યારબાદ જો કોલેજ ઇચ્છશે તો આ કોંન્ટ્રાક્ટ વધુ એક વર્ષ માટે લંબાવી શકશે. આ માટે ટેન્ડરમાં ભરેલા ભાવોએ કામ કરવા કોંન્ટ્રાક્ટર બંધાયેલ રહેશે અને વધારાના એક વર્ષ માટે કોઇપણ જાતનો ભાવ વધારો આપવામાં આવશે નહી.
8. કોલેજ દ્વારા પુરી પાડેલ સાધન સામગ્રી ફર્નિચર તથા મકાનને સંપૂર્ણ રીતે સ્વચ્છ રાખી જાળવણી કરવાની જવાબદરી કોંન્ટ્રાક્ટરની રહેશે. તેમા કોઇપણ પ્રકારની તૂટ-ફૂટ કે ભાંગ-તોડ થશે તો કોંન્ટ્રાક્ટરે પોતાના ખર્ચે દુરસ્ત કરાવવના રહેશે અને કોલેજએ આ સઘળિ મિલ્કત જે હાલતમાં આપી હશે તે તે જ હાલત માં કોંન્ટ્રાક્ટ પુરો થયે કોલેજ ને તે પરત સોપવાની રહેશે.
9. કોંન્ટ્રાક્ટ પુરો થયે મિલ્ક્ત પરત સોંપણી વખતે કોલેજ જે સૂચવે તે રીપેરીંગ કરી આપવાની જવાબદરી કોંન્ટ્રાક્ટરની રહેશે. અન્યથા તેનું રીપેરીંગ- મરામત કોલેજ જાતે કરાવી તેની ખર્ચની વસુલાત કોંન્ટ્રાક્ટરની ડિપોઝીટમાંથી કરાશે. જે કોંન્ટ્રાક્ટરને બંધનકર્તા રહેશે.
10. સદર કોંન્ટ્રાક્ટર સામાન્ય રીતે એક વર્ષ ના નિયત સમય માટે છે તેમ છતાં કોંન્ટ્રાક્ટર દ્વારા કોંન્ટ્રાક્ટરની કોઇપણ શરતોનો ભંગ થયેલ જણાશે અથવા કોલેજ કોંન્ટ્રાક્ટ સમાપ્ત કરવા ઇચ્છશે તો તે સંબંધી નોટીસ એક માસ અગાઉ આપવાની રહેશે. તે જ રીતે કોંન્ટ્રાક્ટર સમય મર્યાદા પહેલા કોંન્ટ્રાક્ટ પૂર્ણ કરવા ઇચ્છશે તો તેઓએ પણ કોલેજને એક માસ અગાઉ જાણ કરવાની રહેશે અને સમય મર્યાદા પહેલા કોંન્ટ્રાક્ટ પૂર્ણ કરવાના કિસ્સામાં તેઓની ભરેલી ડિપોઝીટ જપ્ત થશે.
11. કોલેજનાં પ્રતિનિધિ કે તકેદારી અધિકારી દ્વારા કોઇપણ સમયે ઓચિંતી ચકાસણી કરવામાં આવે ત્યારે કોંન્ટ્રાક્ટરે સંપૂર્ણ સહયોગ આપવાનો રહેશે તથા તે અંગે કોલેજ તરફથી મળતી સૂચનાઓનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે.
12. સ્ટુડંટ સ્ટોરમાં કામ કરનાર વ્યક્તિઓની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોવી જોઇએ નહી તથા અન્ય લેબર લો નુ પાલન કરવાનુ રહેશે.
13. સ્ટુડંટ સ્ટોરમાં વેચાણ માટે ની તમામ સ્ટેશનરી સારી ગુણવત્તા વાળી હોવી જોઇએ તેમજ તેના ઉપર એમ. આર. પી. થી વધુ નાણા લઇ શકાશે નહી.
14. સ્ટુડંટ સ્ટોરનો સમય સવારના ૧૦-૦૦ કલાક થી સાંજના ૬-૦૦ કલાક સુધી રહેશે.
15. સ્ટુડંટ સ્ટોરમાં કામ કરનાર દરેક વ્યક્તિઓ વિધ્યાર્થીઓ, વિધ્યાર્થીનીઓ તથા દરેક સ્ટાફ સાથે સારી વર્તણુક રાખશે.
16. સંસ્થાના ફર્નિચર, લાઇટ, અને પંખાની જાળવણી ની જવાબદારી સ્ટુડંટ સ્ટોર સંચાલક્ની રહેશે અને તેમાં થયેલ નુકશાન ભરપાઇ કરવાનુ રહેશે.
17. સ્ટુડંટ સ્ટોરમાં કામ કરતા કર્મચારીઓ ના નામ સરનામા વાળુ લીસ્ટ સંસ્થા ના વડાને સુપરત કરવાનુ રહેશે અને તેઓના ઓળખપત્રો બનાવવાના રહેશે.
18. સ્ટુડંટ સ્ટોરમાં કામ કરતા કર્મચારીઓ ને થનારી ઇજા કે અકસ્માત્ની સંપુર્ણ જવાબદારી સંચાલકની રહેશે.
19. તેમ છતા ઉપર દર્શાવેલ નિયમો તથા સંસ્થાને લગતા કોઇ પણ નિયમોનો ભંગ થાય તો આ કરાર તાત્કલિક રદબાતલ કરવાનો અબાધિત અધીકાર સંસ્થાનો રહેશે.
20. સ્ટુડંટ સ્ટોર માં કર્મચારીઓ તેમજ સંસ્થાના વિધ્યાર્થીઓ, વિધ્યાર્થીનીઓ તથા સ્ટાફ્ને પ્રવેશ આપવાનો રહેશે તથા અન્ય વ્યક્તિઓ તેમજ અસામાજીક તત્વોને પ્રવેશ આપવો નહી.
21. સદર ભાવોમાં સરકારશ્રીના ધારાધોરણ પ્રમાણેના તમામ કરવેરાઓ જેવાકે, સેલ્સ ટેક્ષ, સર્વિસ ટેક્ષ,વેટ વગેરેનો સમાવેશ કરીને જ આખરી ભાવો આપવાના રહેશે. ભરેલ ભાવો પર GST ચૂકવવામાં આવશે નહીં.
22. કોઇપણ બાબતમાં વિવાદ થાય તો આચાર્યશ્રી ની લવાદી ફરજિયાત રહેશે અને તેમનો નિર્ણય અંતિમ ગણાશે.

23. સ્ટોર સંસ્થાની પુર્વ મંજૂરી મેળવ્યા સિવાય બંધ રાખી શકાશે નહી. જાહેર રજાના દિવસે સ્ટોર બંધ રાખવાનો રહેશે.

24. સ્ટુડન્ટ સ્ટોર માટે જરુરી ટેબલ, ખુરશી (ફર્નિચર) વિગેરે કોંટ્રાક્ટરે પોતે લાવવાના રહેશે. સ્ટુડન્ટ સ્ટોરમાં સ્વચ્છતા અંગેની સમ્પૂર્ણ જવાબદારી કોંટ્રાક્ટરની રહેશે.

25. કોંટ્રાક્ટરે કોવિડ ગાઈડલાઈન નુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

26. સ્ટુડન્ટ સ્ટોરમાં કોઈપણ પ્રકારના કેફી દ્રવ્ય કે પાન મસાલા, ગુટકા કે તમાકુની અન્ય કોઈપણ પ્રકારની બનાવટના વેચાણ અને ઉપયોગ ઉપર સમ્પૂર્ણ પ્રતિબંધ રહેશે.

27. સ્ટુડન્ટ સ્ટોર ખાતે વેચાણ કરવામાં આવતા ફાઈલ, પેજીસ, સર્ટિફિકેટ તથા અન્ય આઈટમ પર કોલેજનું નામ પ્રિન્ટ કરેલ હોવું જોઈએ.

28. વિદ્યાર્થીઓની જરુરીયાત મુજબ પેન ડ્રાઈવ કે સી.ડી. દ્વારા પ્રિન્ટ કાઢી આપવાની રહેશે. દરેક આઈટમ નું મંજુર કરેલ ભાવ પત્રક લગાવવાનું રહેશે. આ ભાવ તમામ પ્રકારના કરવેરા સહીત નાં રહેશે જે અનુસંધાને લાગુ પડતા જી.એસ.ટી. સહિત નાં વેરા ભરવાની જવાબદારી કોંટ્રાક્ટરની રહેશે.

29. કોંટ્રાક્ટર દ્વારા કોન્ટ્રાક્ટના સમયગાળા દરમ્યાન અધવચ્ચેથી જો કોન્ટ્રાક્ટ બંધ કરવામાં આવશે તો તેમણે જમા કરાવેલ સિક્યોરિટી ડિપોઝીટ સંસ્થા તરફથી જપ્ત કરવામાં આવશે

30. જે વ્યકતિ કે એજન્સીને સ્ટુડન્ટ સ્ટોરના ચલાવવા માટેનો કોન્ટ્રાકટ આપયેલ હોય તેણે જ સ્ટુડન્ટ સ્ટોર ચલાવવાનો રહેશે. બીજી કોઇ વ્યકિતને સ્ટુડન્ટ સ્ટોર ભાડે કે પેટાભાડે ચલાવવા માટે આપી શકાશે નહીં. કોન્ટ્રાકટરે અન્ય કોઇને સ્ટુડન્ટ સ્ટોર ચલાવવા ભાડે કે પેટા ભાડે આપ્યાનું કમિટીની જાણમાં આવશે કે તુરંતજ કોન્ટ્રાકટર રદ કરી સીકયુરીટી ડીપોઝીટની રકમ પણ જપ્ત કરવામાં આવશે.

31. કોન્ટ્રાકટર મળ્યા બાદ કમિટીએ મંજુર કરેલ ભાવોના લીસ્ટનું બોર્ડ કોન્ટ્રાકટરે સ્વખર્ચે લગાડવાનું રહેશે.

32. સ્ટોરની જગ્યાનો કોઈપણ પ્રકારે અન્ય અંગત કોમર્શીયલ કામગીરી માટે ઉપયોગ કરી શકાશે નહિ . કોઈ પણ વ્યક્તિ /પેઢી ની કોઈપણ પ્રકારની જાહેરાત માટે થઇ શકશે નહિ. કોંટ્રાક્ટરે લાગુ પડતા તમામ સરકારી નિયમોનું પાલન કરવાનું રહેશે .

33. ડીજીટલ પેમેન્ટ સ્વીકારી શકાય તે માટેની વ્યવસ્થા ઉપલબ્ધ રાખવાની રહેશે .

34. એક ઇન્ટરનેટ નો પોઈન્ટ આપવામાં આવશે, જેનો વિધ્યાર્થીઓના કામકાજ માટેજ ઉપયોગ કરી શકાશે. કોઈપણ પ્રાઈવેટ કામકાજ માટે ઉપયોગ કરી શકાશે નહિ. જો કોઈ સંજોગોમાં ઈન્ટરનેટ બંધ રહે તો તે સમય દરમ્યાન પાર્ટી એ જરૂર મુજબ પોતાની રીતે સ્વખર્ચે ઇન્ટરનેટની વ્યવસ્થા કરવાની રહેશે. દરેક પ્રસંગે ન્યાયક્ષેત્ર પાટણ  રહેશે.

35. સ્ટુડન્ટ સ્ટોર નો કોન્ટ્રાક્ટ રાખનારે સંસ્થાએ (કોલેજે) નક્કી કરેલ નીચે પત્રકમાં દર્શાવેલ ભાવ પ્રમાણે સ્ટેશનરી વેચવાની અને ઝેરોક્ષ કરી આપવાની રહેશે અને સામગ્રી આપવાની રહેશે.. કોંન્ટ્રાક્ટરે ટેંન્ડરમાં ભાવો તમામ પ્રકારના કરવેરા સહિતના ચુકવવા પાત્ર જ ભરવાના રહેશે. ભરેલ ભાવો પર કોઇપણ જાતનો વધારો વર્ષ દરમ્યાન આપવામાં આવશે નહીં.

| અ.ન. | આઇટમ | ભાવ રૂપિયા | અ.ન. | આઇટમ | ભાવ રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | સરકારી ઈજનેરી કોલેજ, કતપુર, પાટણ છપેલી ફાઇલ | ૧૫ | ૧૧ | એ ૪ ઝેરોક્ષ (એક સાઇડ/ આગળ પાછળ ) | ૧ |
| ૨ | ફાઇલ પેજ (૧૦૦ નંગ) | ૬૦ | ૧૨ | લીગલ ઝેરોક્ષ (એક સાઇડ ) | ૧.૫ |
| ૩ | ઇંડેક્સ (બ્લેક એન્ડવ્હાઇટ) | ૧ | ૧૩ | લીગલ ઝેરોક્ષ ( આગળ પાછળ ) | ૨ |
| ૪ | ઇંડેક્સ (કલર) | ૨ | ૧૪ | પ્રીન્ટ ( ૧ પેજ) | ૧ |
| ૫ | સર્ટીફીકેટ (બ્લેક એન્ડવ્હાઇટ) | ૧ | ૧૫ | સ્પાઇરલ બાઇન્ડીંગ ( ૫૦ પેજ સુધી) | ૨૦ |
| ૬ | સર્ટીફીકેટ (કલર) | ૨ | ૧૬ | સ્પાઇરલ બાઇન્ડીંગ ( ૧૦૦ પેજ સુધી) | ૩૦ |
| ૭ | શીટ ( ફુલ ઇમ્પીરીયલ) | ૧૦ | ૧૭ | એ ૪ ઝેરોક્ષ ( આગળ પાછળ ) ( ૫૦ પેજથી વધુ ) | ૦.૮૦ |
| ૮ | શીટ ( હાફ ઇમ્પીરીયલ) | ૮ | ૧૮ | કલર ઝેરોક્ષ ( ૧ પેજ) | ૧૦ |
| ૯ | ડ્રોઇંગ બુક ( ૩૬ પેજ) | ૪૦ | ૧૯ | કલર પ્રીન્ટ ( ૧ પેજ) | ૧૦ |
| ૧૦ | શીટ કંટેનર | ૧૫૦ | | | |

ઉપરની શરતો મેં/અમે વાંચી અને સમજીને આ ભાવપત્રક ભરેલ છે અને અમોને ક્બુલ / મંજૂર છે.

કોંન્ટ્રાક્ટરની સહી

સ્થળ: નામ ----------------------------------------------

તારીખ: / / સરનામું ------------------------------------------------------

------------------------------------------------------

ફોન નં (મો) ------------------------------------------------

# ભાગ -૨ સ્ટુડન્ટ સ્ટોર (સ્ટેશનરી) ના કોન્ટ્રાકટ માટે નું લાયકાત ફોર્મ

## સરકારી ઇજનેરી કોલેજ ,પાટણ

## (કવર ૧ મા શામેલ કરવુ )

| | | |
|---|---|---|
| 1 | અરજદાર એજન્સીનું નામ , સરનામુ , કોન્ટેક્ટ નમ્બર (નીચે લખવુ)<br><br>**સરનામાનો પુરાવો સામેલ કરવો** | અરજદાર નો પાસપોર્ટ સાઈઝ ફોટો |
| 2 | અરજદારનો પાન કાર્ડ નંબર →<br>(ણીત નકલ સામેલ કરવીપ્રમા) | |
| 3 | અરજ્દારે તેઓની ફર્મની નોંધણી કરાવેલ છે? હા કે ના હોયતો તેનો નમ્બર, નોંધણી થયેલ હોય તે કચેરીનુ નામ (**પ્રમાણીત નકલ સામેલ કરવી**): | |
| | જી.એસ.ટી રજીસ્ટ્રેશન નંબર .જો હોય તો | |
| 4 | અર્નેસ્ટમની ડીપોઝીટ ના ડી ડી. :ની વિગત.→<br>અ) રકમ<br>બ) નમ્બર<br>ક) તારીખ<br>ડ)બેંક નુ નામ તથા સરનામુ<br>**ઓરિજીનલ ડી .ડી. સામેલ કરવો** | |
| 5 | **સ્ટુડન્ટ સ્ટોર સેવા આપેલ સંસ્થાનું નામ સરનામુ (જો હોય તો)** | **કરારનો સમયગાળો તારીખ થી તારીખ** |
| | | |
| | | |
| | | |

| | | |
|---|---|---|
| 6 | અરજદારે નાણાકીય સંસ્થાના ડીફોલ્ટર નથી તેમજ પોલીસ/કોર્ટ રેકોર્ડ પર કેસ નથી,તે અંગેનું બાંહેધરીપત્ર સહી કરી સામેલ કરેલ છે ? હા કે ના | |

દરેક પ્રસંગે ન્યાયક્ષેત્ર પાટણ રહેશે. **"Subject to "Patan Jurisdiction"**

ઉપરોકત તમામ શરતો મેં વાંચી છે, આ શરતો મને મંજુર છે. ઉપરોક્ત તમામ શરતો અમોને (સ્ટુડન્ટ સ્ટોર કોન્ટ્રાકટરને) મંજુર તથા બંધન કર્તા રહેશે તે મુજબ નો બાંહેધરી ખતપત્ર રૂ. 100/- ના સ્ટેમ્પ પેપર ઉપર કોંટ્રાક્ટ અપાયાની જાણ કરતા પત્રની તારીખથી દસ દીવસ મા હુ રજુ કરીશ તેની બાંહેધરી આપુછુ.

સ્થળઃ- અરજદાર એજન્સીનું નામ......................................

તારીખઃ- ટેન્ડર ભરનારનું નામ...........................................

ટેન્ડર ભરનારની સહી...........................................

સીલ

સાક્ષી ની સહી

# <u>બાહેંધરી પત્રક</u>

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી ઇજ્નેરી કોલેજ – પાટણ

સરકારી ઇજ્નેરી કોલેજ, પાટણ  માટે કોલેજ સ્ટુડન્ટ સ્ટોર (સ્ટેશનરી) ના કોન્ટ્રાકટ (૨૦૨૩-૨૪) માટે અરજી કરવા અન્વયે આથી બાહેંધરી આપવામાં આવે છે કે અમો કોઇ પણ નાણાકીય સંસ્થા/બેંક ના ડીફોલ્ટર નથી. તેમજ અમારા ઉપર કોઇ પોલીસ/કોર્ટ કેસ થયેલ નથી. જે બાબતની અમે ખાત્રી આપીએ છીએ.

સ્થળઃ  -
તારીખઃ -

અરજદાર એજન્સીનું નામ......................................
ટેન્ડર ભરનારનું નામ...........................................
ટેન્ડર ભરનારની સહી...........................................

**સીલ**

સાક્ષી ની સહી

સાક્ષી નું નામ તથા સરનામું

## બાહેંધરી પત્રક પાર્ટીની ફર્મ નાં લેટર હેડ પર આપવું .

**<u>( કવર ૧ માં સામેલ કરવું )</u>**

**<u>ભાગ – ૩ (આ પત્રક સીલબંધ કવર નંબર ૨ માં બહાર "ભાવપત્રક" લખી સામેલ કરવું)</u>**

આ પત્રકમાં સ્ટુડંટ સ્ટોર સંચાલકશ્રી એ માસીક ભાડાની રકમ ભરવાની રહેશે (મીનીમમ માસિક ભાડુ રૂપીયા ૩૦૦૦/-). મીનીમમ માસિક ભાડાથી ઓછી રકમ ભરનાર નુ ભાવપત્રક રદ ગણાશે. જે પાર્ટી સૌથી વધુ માસિક ભાડાની રકમ પ્રતિ માસ ભરશે તે પાર્ટી ના ટેન્ડર ની લાયકાત ની શરત સંતોષતા ,ઉમેદવારને કોન્ટ્રાકટ આપવા વિચારણામા લેવામા આવશે.

| | |
|---|---|
| માસીક ભાડાની રકમ રૂપીયા | |
| કોંટ્રાક્ટરનુ નામ | |
| રહેઠાણ/ઓફિસ નુ સરનામુ તથા મોબાઇલ નંબર | |
| સામેલ કરેલા સ્ટોર સંચાલન અનુભવના પ્રમાણપત્રની વિગત (જો હોય તો) | |

ઉપર મુજબની તમામ શરતો મને માન્ય છે અને આ શરતો સાથે સ્ટુડંટ સ્ટોર સંચાલનનો કોંટ્રાક્ટ સ્વીકારીશ.

કોંટ્રાકટરશ્રી ની સહી